ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબારી યાદી

તા: ૧૦/૭/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## ઓન લાઈન કવીઝ ઓન ડિજિટલ ઈન્ડિયા–ડિજિટલ ગુજરાત ના કાર્યક્રમમાં ભાગ લેવા બાબત

Digital India એ ભારત સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ છે. આ પ્રોજેકટની પરીકલ્પના રૂપે દેશને આધુનીક સમાજ અને જ્ઞાનરૂપી અર્થતંત્રમાં ફેરવવાનો છે. જે માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા Online Quize on Digital India. Digital Gujarat-2015 નું આયોજન કરવામાં આવેલ છે.

તા. ૬ જુલાઈના રોજ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ Online Quize on Digital India Digital Gujarat ને launch કરેલ છે. આ Online Quize on Digital India. Digital Gujarat માં ધો. **૯ થી ૧૨ના** વિદ્યાર્થી ભાઈઓ/બહેનો ભાગ લઈ શકશે. વિદ્યાર્થીઓ પોતે જ પોતાનું ઓન લાઈન રજીસ્ટ્રેશન (www.gujcost.gujarat.gov.in) વેબ સાઈટ પરથી કરી શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેની કોઈપણ પ્રકારની રજીસ્ટ્રેશન ફી નથી.

વિદ્યાર્થી ભાઈઓ/બહેનો પોતાનું રજીસ્ટ્રેશન ઉપરોકત વેબસાઈટ પર તા. **૬ જુલાઈ થી ૨૫ જુલાઈ** સુધી કરી શકશે. રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓએ તા.**૧ ઓગસ્ટ થી ૨૧ ઓગસ્ટ** દરમિયાન આ ઓન લાઈન કિવઝના પ્રથમ રાઉન્ડમાં ભાગ લેવાનો રહેશે. દ્વિતિય અને ફાઈનલ રાઉન્ડ તા. ૮ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ મુકામે યોજાશે.

કિવઝમાં પ્રથમ ક્રમે આવનારને **LAPTOP**, દ્વિતિય ક્રમે આવનારને **TABLETS** અને તૃતિય ક્રમે આવનાર વિજેતા વિદ્યાર્થીને **KINDALY READER** થી પુરસ્કૃત કરવામાં આવશે. તેમજ ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટીફીકેટ આપવામાં આવશે. તેવું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે. Online Quize on Digital India. Digital Gujarat - 2015 ની વધુ માહિતી (www.gujcost.gujarat.gov.in) પરથી મેળવી શકાશે.

વધુ માહિતિ માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ''વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર ખાતે રૂબરૂ અથવા ફોન. ૨૫૭૦૧૧૧/૧૧૦ પર સવારના ૧૦ થી સાંજના ૬ કલાક દરમિયાન સંપર્ક કરી શકશો.

પ્રી.ત્રી. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.